Peer-Reviewed Journal ISSN : 2278 – 5639
Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)
{ Bi-Monthly} Volume-I, Issue-I June 2012

# નાટકનો ઉદભવ અને વર્ગખંડમાં નાટ્યકરણ

અરુણ એન. ટંડેલ
શ્રીમતી પી. એન પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,
ઉમરાખ

## પ્રસ્તાવના -

નાટકની ઉત્પત્તિ અંગે વિવેચકો એ વિવિધ અનુમાનો કરેલાં છે. એ વિવિધ મતો માંથી કોઈ એક કે બે મત જ નાટક ની ઉત્પત્તિ માટે જવાબદાર છે એમ કહી શકાશે નહિ. નાટકની ઉત્પત્તિ અંગેના કેટલાક વાદો આ મુજબ છે .

## ભારતીય પ્રતિપાદન

નાટ્યશાસ્ત્રમાં નાટ્ય જન્મની કથા આ પ્રમાણે આપેલી છે.

વીવાસ્વત મનુનાં ત્રેતાયુગમાં લોકો ગ્રામધર્મ વાળા (અસંસ્કૃત) થઈ ગયાં હતાં. જમબુદવીપમાં દેવ, દાનવ, ગાંધર્વ , આદિ અસતાં હતાં, ત્યારે ઇન્દ્ર દેવે વિનંતી કરી હે પિતામહ વેદો બધા વરણોની પ્રજા માટે નથી , તો અમોને એવું ક્રીડાણક આપો, જે દ્રશ્ય અને શ્રાવ્ય હોય , જેમાં બધા ભાગ લઈ શકે , આ પ્રાર્થના સાંભળી પ્રભુએ પાંચમા નાટીવેદ ની રચના કરી.

## મૃતક પૂજા વાદ અને વીર પૂજા વાદ

ડૉ, રિજવે Drama and Dramatic dance of Non European Roces" માં નોંધે છે કે આખા જગતમાં નટકોની ઉત્પત્તિ મૃતાત્માઓ પ્રત્યે રહેલી શ્રદ્ધાને કારણે થયેલી છે.

## મે- પોલવાદ

ભારતમાં પ્રાચીનકાળમાં પ્રચલિત ઇંદ્રઢવાજોતસવ જેવુ એક નૃત્ય May Pole " યૂરોપમાં પ્રચલિત છે આ " May pole " નૃત્ય માંથી નાટકો ઉદય પામ્યા એવું આ મતના સમર્થકો માને છે.

## લોકિક લીલાવાદ

પ્રો. હીલલે બ્રેનદત અને ડૉ. સેન કોનો માને છે કે પ્રજામાં સામાન્ય રીતે લોકપ્રિય થયેલા કેટલાક સામાન્ય અભિનય માંથી નાટકની ઉત્પત્તિ થઈ.

## પૂતટલીકા નૃત્યવાદ

જર્મન વિદ્વાન ડૉ. પિશેલ માને છે કે કઠપૂતળી નૃત્યમાંથી સંસ્કૃત નાટકોનો ઉદય થયો

**Theory of : Vegetation spirit**

ડૉ, એ. બી. કીથ  પોતાના ગ્રંથ snskrit drama “ સંસ્કૃત નાટક ની ઉત્પત્તિ અંગે એક નવીન કલ્પના આપે છે . આ મત “ Theory of vegetation spirit “ તરીકે ઓળખાય છે . જનસમૂહ આગળ પ્રાકૃતિક પરિવર્તનોને મૂર્તરૂપે દર્શાવવા માટે સંસ્કૃત નાટકની ઉત્પત્તિ થઈ.

## સંવાદ સૂક્તવાદ

ઋગ્વેદ માં પંદર જેટલા સુકતો એવાં મળે છે કે જેમાં ધાર્મિક ભાવનાઓ ઉપરાંત સંવાદો મળે છે . ઇસ. 1869 માં પ્રો . મેકસમૂલરે આ સંવાદ સૂક્તને નાટકની ઉત્પત્તિ ના મૂળ જાહેર કર્યા.

## વર્ગખંડ માં નાટ્યકરણ

વર્ગખંડો માં નાટ્યકરણ  પદ્ધતિ ના ઉપયોગ સંદર્ભે આ મુજબની બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે.

1) સામાન્ય રીતે બધીજ કક્ષાએ આ પદ્ધતિનો ઉપયોગ થાય પણ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ તેનું સ્થાન સ્વાભાવિક
2) બાળકોને શિક્ષકે સ્ક્રિપ્ટ આપી વાંચવા કહેવું
3) જરૂર જણાય ત્યાં શિક્ષકે અભિનય કરી બતાવવો
4) પોશાક માટે બાળકોને પ્રયત્ન કરવા દો
5) નાટકોમાં ઐતિહાસિક સત્ય જાળવવું
6) બાળકોને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન આપવું
7) બાળકોની વયકક્ષા પ્રમાણે સંવાદ રચના કરવી

## સંદર્ભ

- ઠક્કર સી. (1995) લેખકથી પ્રેક્ષક સુધી, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
- ઠાકર બી. ડી. (1978) નાટ્યવિચાર, શ્રી વિધ્યહર પરસનાથ પ્રિન્ટરી, સુરત